અધ્યાત્મ ચંદ્રિકા.

પ્રસિદ્ધ કર્તા

થીઓસોફીકલ સોસાઈટી, સુરત.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭.

“[illegible]મિત્ર” પ્રેસ સુરત

અધ્યાત્મ ચંદ્રિકા

પ્ર:—આજકાલ અધ્યાત્મમંડળ વિષે બહુજ ચર્ચા ચાલી રહેલી જોવામા આવે છે; તેથી એ મંડળ શુ છે તે તમે જરા સમજાવશો?

ઉ:—હા. અધ્યાત્મમંડળ નામની એક ન્હાની સરખી સમાજ અમેરીકામાં સને ૧૮૭૫મા સ્થપાઇ હતી. તેના અગ્રેસર કર્નલ ઓલ્કાટ અને મેડમ બ્લેવેટસ્કી એ બે જણ હતા. એમા મેડમ બ્લેવેટસ્કીએ દેહ છોડ્યો છે, અને કર્નલ ઓલ્કાટ હજી જીવતા છે. ત્યા એ સમાજ સ્થપાયા પછી, એ બે અગ્રેસરો મુબઇ આવ્યાં, અને ત્યાં તેની એક શાખા સ્થાપી અને પોતાની તરફથી ચોપાનિયું કાઢ્યું, જે હજીપણુ ચાલે છે. થોડાક કાળ મુબઇમાં રહ્યા પછી તેઓ અડ્યારમાં (મદ્રાસ) જઈ રહ્યાં અને ત્યા એ મંડળનુ મુખ્ય ધામ આજ પણ છે ધીમે ધીમે એ લોકોએ ગામો ગામ અને દેશો દેશ ફરી શાખાઓ સ્થાપન કરી. તેમનુ કામ એટલું બધું ચાલ્યું કે આજ દુનિયામાં એક પણુ સારો કહેવાતો દેશ કે નામીચુ શહેર ભાગ્યેજ એવું હશે કે જ્યાં એ મંડળની શાખા નહિ હોય તે વધતા વધતા એટલુ બધુ મ્હોટું થઇ ગયુ છે કે, તેની યોગ્ય વ્યવસ્થા કરવા માટે એક દેશની શાખાઓને એકઠી કરી એ મંડળના મુખ્ય વિભાગો કરી દેવા પડયા છે. આ બધુ કરવામાં તેમનો હેતુ એ હતો કે, મનુષ્ય માત્રની ધર્મભાવના જે છેક શિથિલ થઇ ગઇ હતી તેને સતેજ કરવી. આથી કરી તેઓએ એ મંડળના ત્રણ હેતુ સ્વિકાર્યા છે; તે એ કે, પ્રથમ તો મનુષ્ય માત્રમાં, દેશ, વેશ, નીતિ, ધર્મ, સંપ્રદાય વિગેરેની ભિન્નતાને લીધે જે કુસંપ ચાલે છે તે મટાડી એવા બાહ્ય ભેદોને આડે આવવા ન દઇ મનુષ્ય માત્રમાં સમભાવ-ભ્રાતૃભાવ—થાય અને તે પ્રમાણે તેઓ એકબીજાની સાથે વર્તી શકે. એવી યોજના કરવી, બીજો હેતુ એ છે કે, જુદા જુદા ધર્મ શાસ્ત્રો, વિદ્યાઓ અને ભૌતિકશાસ્ત્રોનો અભ્યાસ કરવો કરાવવો, અને તેમનો પરસ્પર સબંધ શું છે તે શોધવો; અને ત્રીજો હેતુ એ કે સૃષ્ટિમાં જે નિગૂઢ નિયમો છે, અને જેની છાયા મનુષ્યમાં પણ છે, તે શુ છે તેની અધિક શોધ કરવી આમાથી મુખ્ય હેતુ તો પ્રથમજ છે; અને ત્રીજો હેતુ પાર પાડવાનો થોડાનેજ છે. એટલે તે તરફ ઘણા થોડાનુંજ ધ્યાન ખેંચાય છે.

ત્યારે એમ કહોને કે એ પણુ એક ધર્મપ્રવર્તક મંડળ છે.

એમ કહેવામાં ગેરસમજ થવાનો સંભવ છે. ધર્મ એ શબ્દનો અર્થ જો પરમ સત્ય તો તમે કહો છો તેમ કહેવામાં કાંઇ અડચણુ નથી. પણુ ધર્મનો અર્થ સંપ્રદાય એવો થાય છે. માટે એ અર્થમાં આમ કહેવુ એ આ મંડળનો હેતુ નથી. કારણ કે અધ્યાત્મમંડળ કાંઇ અમુક માર્ગ કે સંપ્રદાય ગ્રહણુ કરે નહિ. એનો પોકાર તો એટલોજ છે કે, દરેક માણસે પોતાના ધર્મનો પ્રથમ અભ્યાસ કરવો અને તેને બીજા ધર્મો, માર્ગો, કે સંપ્રદાય સાથે સરખાવી જોવો. આમ કરવાથી જણાશે નહિં કે જે જુદા જુદા માર્ગ અને સંપ્રદાયો થયા છે અને થાય છે તે એકજ સત્યનાં જુદાં જુદાં સ્વરૂપ છે અને જ્યારે આમ સમજાશે ત્યારેજ પરસ્પર વિરોધ

ધ મટી જઇ મનુષ્ય માત્ર સમભાવથી વર્તશે, એટલુંજ નહિં પણ આખું વિશ્વ એક કુટુંબ છે. એમ ગણાશે.

પ્રઃ—ઠીક; એ મંડળની મુખ્ય મતલબ ભાઇચારો વધારવાની છે. તો બીજા ધર્મો અને સંપ્રદાયના લોકોમાં ભાઇચારો ક્યાં નથી. જેમકે ખ્રીસ્તીઓ, હિંદુઓ, વિગેરે.

ઉઃ—જેટલા માર્ગ અને સંપ્રદાયો છે તે બધામાં ભાઇચારો છે અથવા હોવો જોઇએ એ વાત ઠીક છે. પણ જે ભ્રાતૃભાવ પ્રેરવાનો અધ્યાત્મમંડળનો હેતુ છે તેમાં અને એમાં ઘણો ફેર છે. જેટલા જુદા જુદા સંપ્રદાયી લોકો છે તેઓ પોતાનાજ વાડાના માણસોને પોતાના ભાઇ તરીકે માને છે અને બીજા લોકો જેઓ તેમના સંપ્રદાયના નથી હોતા તેઓનું કલ્યાણ પણ નહિ થાય એમ માને છે વળી વિશેષ વિચાર કરતાં જણાશે કે આવા સંપ્રદાયોમાં પણ જોઇએ તેવો ભાઇચારો નથી. હડહડતા કોઇ વૈષ્ણવને પૂછો કે શૈવમાર્ગી તારો ભાઇ ખરો કે નહિ, તો આ વાત તરત સમજાશે ખ્રીસ્તિઓ માને છે કે જેઓ ઇસુ ખ્રીસ્તને માને છે તેઓ અનેક પાપ કર્મ કરવા છતાં પણ માત્ર ઇસુને શરણે જવાથી પાપથી મુક્ત થશે, અને જેઓ તેને માનતા નથી તેઓની પુણ્ય કરતાં છતાં, અધોગતિ થશે. બીજા સંપ્રદાયો અને માર્ગોમાં પણ થોડુ કે ઘણું પણ આવુજ કાંઇ જોવામાં આવે છે. આને ભ્રાતૃભાવ કહેવો એ ભાષાનો ગેરઉપયોગ કરવા જેવું છે. જ્યાં જ્યાં કાંઇક પણ ભ્રાતૃભાવ છે, ત્યાં તે ઘણો સંકુચિત ય છે. પણ જે ભાઇચારાનો પ્રચાર કરવા અધ્યાત્મમંડળ મથે છે તે આનાથી કેવળ રીતનો છે. અધ્યાત્મવિદ્યાનો સિદ્ધાન્ત એવો છે કે, દેશ, કાળ, અને પાત્રને અનુસરીને એક-ત્વ જૂદા જુદા ધર્મ, માર્ગ, અને સંપ્રદાય રૂપે બોધાયુ છે. એટલે દરેક માણસ જે ધર્મ, માર્ગ સંપ્રદાયમાં જન્મ્યો હોય છે તેજ તેને માટે બહુ સારો છે. બીજો માણસ જુદા સંપ્રદાયનો તેનુ કારણ એજ છે કે, તેને માટે તેજ સારો છે આ પ્રમાણે જુદા જુદા ધર્મના મનુષ્યોએ પો- પોતામાંજ ભાઇચારો રાખવો એટલુજ નહિ પણ પરસ્પર બધાએ ભ્રાતૃભાવ રાખવો એ સિદ્ધ થાય છે. શ્રીભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥ *

આ પ્રમાણે અધિકાર પરત્વે ધર્મ હોવાથી ધર્મભેદને લીધે કુસંપ હોવો જોઇતો નથી. અને જુ- જુદા માર્ગ અને સંપ્રદાયના લોકોએ એક બીજાને ધીક્કારવાને બદલે એક બીજાને સહાય કરી વંનુ ભલુ જે રીતે થાય તેમ કરવું જોઇએ.

પ્રઃ—આગળ તમે કહ્યું કે જાતિ, વર્ણ, આદીનો ભેદ રાખવો નહિ એ પરથી શું કહેવા ઇચ્છોછો કે હીંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરેએ સાથે બેસી ખાવુ ? જો એમ હોય શ્રમ ધર્મને બાધ આવે.

ઉઃ—આગળ જે મે કહ્યું તે જાતિ, વર્ણ, આદિનો ભેદ રાખવો નહિ એમ એ ભેદને આડે આવવા ન દેવો એમ કહ્યું છે. એ ભેદ તોડી નાંખી પ્રજાને વર્ણ હેતુ નથી; પણ એજ કે એ ભેદને કુસંપનુ મૂળ થવા દેવો નહિ. ધર્મને માટે છે તેપર વિચાર કરશો તો જણાશે કે, વર્ણાશ્રમને તોડવાનો હેતુજ નથી. તેમ તે કરવો કે તેથી કુસંપ ન થાય.

વળી ઘણા લોકો એમ સમજે છે કે, સાથે બેસી ખાધા પીધાથીજ ભ ને એ એક સંપનું ચિન્હ છે. જરા વિચાર કરતાં જણાશે કે આ માનવુ બીજા સાથે બેસીને ખાવાથીજ જો ભ્રાતૃભાવ વધતો હોય તો આપણા [

* અર્થઃ પોત પોતાના કર્મમાં પ્રીતી રાખનાં પુરૂષ સિદ્ધિને પામે

નથી જમતી ? છતાં તે દરેક ન્યાતમાં કેટલો સંપ છે ? વળી એકજ ઘરમાં સર્વ સાથેજ ખાઇપી-એ છે છતાં તેમાં સંપ કયાં છે? તે હોય તો જે કુટુંબ કલેષ આસપાસ જોવામાં આવે છે તે કયાંથી હોય?

અધ્યાત્મ મંડળનો ઉદ્દેશ એવો ભવ્ય છે કે ઐહિક વ્યવહારના ઉપર તેનો આધારજ હોઇ શકે નહિ. તેનો આધાર માનસિક પ્રકરણ પર છે અને ત્યાંથી તેની અસર આપણા વ્યવહારપર થાય છે.

પ્ર:—અધ્યાત્મ મંડળ સ્થાપવાની જરૂર શાથી જણાઇ ને પ્રસંગ શું હતો ?

ઉ:—અધ્યાત્મ મંડળ સ્થપાયું તે વખતે યુરોપ, અમેરિકા અને હિંદુસ્થાન એ બધે ઠેકાણે લોકની ધર્મ ભાવના છેક નિર્માલ્ય થઇ ગઇ હતી. યુરોપમાં જડવાદ ચાલ્યો હતો, એટલે ચૈતન્ય એવી વસ્તુજ નથી, અને તેથી કરી જીવ, ઇશ્વર વિગેરે ધર્મગુરૂઓએ લોકને છેતરવા માટે યોજેલાં છે એમ મનાતું હતું અમેરિકામાં પણ જડવાદની ચડતી થઇ ગઇ હતી. આજ જડવાદની અસર હિંદુસ્થાન સુધી પહોંચી હતી; કારણકે હિંદુઓએ શ્રી વ્યાસ, શ્રી કૃષ્ણ, શ્રી શંકર મહાત્મા વિગેરેને ગુરૂ કરવા છોડી દઇ, યુરોપાયન વિદ્વાનોને પોતાના ગુરૂ કીધા હતા; અને તેમનાજ તરફથી અપાતી કેળવણીએ ધર્મ ભાવનાને છેકજ દબાવી દીધી હતી. આટલું છતાં મનુષ્યનો સ્વભાવજ એવો છે કે કોઇને કોઇ પ્રકારની ધર્મ ભાવના વિના તેને સંતોષ થતોજ નથી. જડવાદે ધર્મભાવનાને દબાવી તો ખરી પણ જડવાદથી પણ કાંઇ સંતોષ મળ્યો નહિ. કારણ ...ના કેટલાક પ્રસંગોનો ખુલાસો તેનાથી આપી શકાયો નહિ. આપરથી ધર્મની શોધમાં અ...મે પ્રેતાવાહન વાદનો અંગીકાર કીધો અને તેમની ધર્મભાવના તેમાજ સંતોષા...લાગી. યુરોપમાં એમનું અનુકરણ થવા લાગ્યું. હિંદુસ્તાનમાં ભણેલા અને સુધરેલા ...હવાતા વર્ગમાં તો અભ્યાસની ઇગ્રેજી પદ્ધતિ અને પાદરીઓની અજ્ઞાનતામય હિ...ધર્મને ગાળ, એ બેઊએ મળી એટલી બધી અસર કીધી કે "હુ હિંદુ છું" એમ કહેતાં પ...ણ શરમ લાગતી. પારસી ભાઇઓની સ્થિતિ કેવી હતી તે પણ જાણતાજ હશો. આ સ્થિતિ ઘણીજ શરમ ઉપજાવનારી હતી. એટલુંજ નહિ પણ વધારેવાર ચાલે તો દેશને અને મનુષ્ય જાતિને હાની કર્તા નિવડે એવી હતી. અદૃષ્ય રહી લોકોનુ હિત કરવું એજ જેમનો ધર્મ છે, પોતે આ દુસ્તર સંસાર સાગર તરી ઊતર્યા છતાં બીજાને તે તરી ઉતરવા, કાંઇપણ લાભનીઆશા વિના સહાય કરવી એવો જેમનો સ્વભાવ છે તે મહાત્માઓની પ્રેરણાથી આ અધ્યાત્મ મંડળ સ્થાપન ...માં આવ્યુ હતું. તેણે આજ સુધીમાં જે જે કીધું છે તે જોયાથીજ તેની સાર્થકતા સિદ્ધ ...: અને તે મંડળના મૂળ યોજકો મહાત્માજ હોવા જોઇએ એમ સિદ્ધ થાય છે

—ઠીક, ત્યારે અધ્યાત્મમંડળે તો સૃષ્ટિની સેવા બજાવવા જેવું કીધુ છે; પણ તેમાં તે સફળ થયું છે તે જરા કહેશો ?

...મનુષ્યની ધર્મ પ્રત્યે જે વૃત્તિ છે તેને એ મંડળ સ્થાપન થયું ત્યારે પહેલાંની ...વતાં એ મંડળનુ સાફલ્ય સમજાશે. હાલ યુરોપ અને અમેરીકામાં જેટલા વિચા... મનુષ્યો છે તે બધા ધર્મની ચર્ચા કરી રહ્યા છે, એટલું નહીં પણ, જડ વાદ ...નો ખુલાસો કરી શકતો નથી માટે ચૈતન્યવાદ ખરો છે એમ ઘણે અંશે મા... આર્યધર્મને વખોડતા હતા, તિરસ્કારથી જેની પ્રત્યે જોતા હતા તેજ ... એમ સ્વીકારાયુ છે. સ્વામી વીવેકાનન્દને પણ જે પ્રસંગ મળ્યો છે તે ...મંડળનાજ રૂડાં વાંના છે. કેમકે એ મંડલે પોતાનાં પુસ્તક દ્વારા તથા જાહે... ધર્મની ચર્ચા કરી લોકોના મન તૈયાર કરી મુકયાં હતાં. યથા રાજા તથા ... હિંદુ પારસી વગેરેઓએ પણ જ્યારે જોયુ કે, યુરોપિઅનો પણ આપણ... પોતાના ધર્મના પુસ્તકો જોયાં અને આગળ જ્યારે "હું હિંદુ ...

મેં માનું છું." એમ કહેતા જેઓ શરમાતા હતા તેઓ દેશ વિદેશ ફરી એજ આર્યધર્મ વિષે ભાષણો આપતા ફરે છે. આ પ્રમાણે અધ્યાત્મ મંડળે આર્યધર્મનું પુનઃ સ્થાપન કીધું છે એટલુંજ નહિ પણ દરેક ધર્મના અનુયાયીઓને પોત પોતાનો ધર્મ બરોબર સમજતા કીધા છે અને મનુષ્યની ધર્મભાવના જે નષ્ટ પ્રાયઃ બની હતી તેને પાછી સજીવન કીધી છે. આનો પુરાવા એટલોજ કે એ મંડલ તરફથી પ્રગટ થતાં પુસ્તકો દેશો દેશમાં પ્રસર્યા છે અને જુદી જુદી ભાષામાં તેમના ભાષાન્તર પણ થયાં છે.

પ્રઃ—એ મંડળની સાફલ્યતા તો સમજાઇ; અને એના ત્રણ હેતુઓ જે કહ્યા હતા તેમાંનો પ્રથમ હેતુ પણ સમજાયો, પણ બીજા હેતુઓ જે રહ્યા તેમનો અને એનો સબંધ શું છે તે કહેશો?

ઉઃ—પ્રથમ હેતુ વિષે આપણે આગળ જોયું છે એટલે તે ફરીને કહેવાની કાંઇ જરૂર નથી. તેમાં આપણે જોયું કે જુદા જુદા માર્ગ, અને સંપ્રદાયના મનુષ્યો જે પરસ્પર વિરોધ રાખે છે તે મટાડયા વિના ભ્રાતૃભાવ થઇ શકતો નથી. આ વિરોધ મટાડવાને માટે દરેકે પોતાનો ધર્મ બરાબર સમજવો જોઇએ; તેમજ બીજા ધર્મોનું પણ જ્ઞાન જો તેને હોય તોજ તે બરાબર સમજી શકે કે જુદા જુદા સંપ્રદાયો માત્ર એકજ પરમ સત્યના સ્વરૂપો છે. આટલા માટે બીજો હેતુ જુદા જુદા ધર્મ તથા શાસ્ત્રોનો અભ્યાસ કરવો કરાવવો એ છે. વળી એકલા ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવો બસ નથી; કારણ કે તેમાં કેટલીક બાબત એવી આવે છે કે ભૌતિક શાસ્ત્ર વિગેરેના નિયમથી, ઉપર ટપકે જોતાં, વિરૂધ લાગે. આમ ન થાય માટે જુદિ જુદિ વિદ્યાઓનો અભ્યાસ પણ કરવો અને તે દ્વારા ધર્મશાસ્ત્રને પુષ્ટિ આપવી. આ પ્રમાણે આ બીજો હેતુ પ્રથમ હેતુ પાર પાડવાનું એક સાધન છે.

વળી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરતાં તેમાં ઘણાક એવા વિષયો આવે છે કે જેનો ખુલાસો ભૌતિક શાસ્ત્રમાંથી મળી શકતો નથી. જેમકે સાત લોક, ત્યાં વસતા દેવતાઓ, તેમનો અને મનુષ્યનો સબંધ, મનુષ્યોની મરણોત્તર સ્થિતિ, કર્મ, પુનર્જન્મ વિગેરે. આવી આવી બાબત બરાબર સમજાય તેટલા માટે ગુઢ શક્તિઓ વિશ્વમાં તેમજ મનુષ્યમાં રહેલી છે, છતાં જેનું જ્ઞાન બાહ્ય સૃષ્ટિના શોધકોને નથી, તેવી શક્તિ શું છે, અને તે ક્યાં અને કેવી રીતે ઉપયોગમાં લાવી શકાય છે, તેનો અભ્યાસ કરવો એ એ મંડળનો ત્રીજો હેતુ છે. આપરથી જણાશે કે આ ત્રીજો હેતુ પણ પ્રથમ હેતુનું એક સાધન માત્ર છે.

અધ્યાત્મ મંડળના ત્રણે હેતુઓ વિષે અહિં જે ટુંકમાં કહ્યું છે, તે પરથી લક્ષમાં તો આવ્યું હશે કે, એ સવમાં શ્રેષ્ઠ હેતુ એજ છે કે મનુષ્ય માત્રમાં ભ્રાતૃભાવ પ્રેરવો. અને એ હેતુને પુષ્ટિ કરવા માટે બીજા બે હેતુ રાખેલા છે.

પ્ર,—ત્યારે તો તમારા એ મંડળમાં બધાનેજ દાખલ કરતા હશે કેમ?

ઉ;— હા. એ મંડળમાં હિંદુ, મુસલમાન, ખ્રીસ્તી, પારસી, યાહુદી, વિગેરે માણસો દાખલ થાય છે. તેમ કરવાથી તેમના આચાર વિચારને કશો બાધ આવતો નથી. તેમના મત વિગેરે શું છે તે પૂછવાનું પણ નથી. એમાં દાખલ કરવાની વખતે જોવાનું છે કે તે દાખલ થવા ઇચ્છનાર માણસ ભ્રાતૃભાવ વધારવાને યથાશક્તિ પ્રયત્ન કરવા તૈયાર છે કે નહિં. એ માટે જો તે તૈયાર હોય છે તો તે દાખલ થઇ શકે છે.

પ્રઃ—ઠીક! એ તો એક પ્રકારની સાર્વત્રિક સમાજ છે. એમાં દાખલ...

ઉઃ—હજી તમે એ મંડળના હેતુનું રહસ્ય સમજ્યા નથી. એમાં દા... ...થવાનાજ હેતુથી કોઇ દાખલ થતું નથી. સ્વાર્થને એક બાજુએ ...

ખલ થવાનુ છે. દરેક માણ । પોતાની યથાશક્તિ કાંઇને કાંઇ રૂપે બીજાને ફાયદો કરી શકે છે. કોઇ પૈસા વાપરીને, કોઇ પોતે અભ્યાસ કરીને બીજાને સમજાવીને, કોઇ કાંઇ અને કોઇ કં-ઇ પણ રીતે આ પ્રમાણે ઉપયોગી થાય છે. ત્યારે દાખલ થવું તે એટલા માટેજ કે કોઇપણ રી-તે બીજાને ઉપયોગી થવાય આમ કરતાં જાતે ફાયદો છે ખરો, પણ તેમ કરવાનો મુળ ઉદ્દેશ ન-થી. પરમાર્થ સાધતાં જે સ્વાર્થ સધાય તેજ યોગ્ય છે. નહિ કે, સ્વાર્થ સાધવામાં જે પરમાર્થ સ-ધાયો તે ખરો. માટે દાખલ થનારે પ્રથમ વિચાર એટલોજ કરવાનો છે કે દાખલ થઇ હું કેવી રીતે અને કેટલે દરજ્જે બીજાને ઉપયોગી થઇ પડીશ. મને શુ ફાયદો થશે એ વિચારજ અ-યોગ્ય છે.

ઘણા લોકો એમ ધારે છે કે, એક માણુસ અને તે પણ વળી સાધારણ માણુસ તે બીજાનું ભલું શું કરી શકે! પણ જરા વિચાર કરી જોતાં જણાશે કે એ ધારવુ ભુલ ભરેલુ છે. કોઇ સા-
. કાર્ય કરવું હોય તેની બાજુએ ઉભા રહેવું, તેને બે બોલથીજ ઉત્તેજન આપવુ એ સત્તા કો-નામાં નથી? દરેકનામા છે. વળી એ ઉપરાત બધા મનુષ્યો એક સરખા હોતા નથી. કેટલાક એ-વા પણ હોય કે જેમની બુદ્ધિ આપણા જેટલી કેળવાયલી ન હોય, અથવા જેને આપણા જેટલો અવકાશ ન હોય. આવા પુરૂષોને અભ્યાસ કરવામાં અને અધ્યાત્મ વિદ્યાનાં સિદ્ધાન્તો સમજાવવામાં મદદ કરવી એ પણ એક એવું કામ છે કે દરેક માણુસ કરી શકે. આ પ્રમાણે દરેક માણુસ કાં-
ઇ પણ ઉપયોગી કામ બીજાને માટે કરી શકે છે. દરેક માણુસે પોતાને યોગ્ય
તાની યથાશક્તિ કામ કીધુ એજ બહુ છે. દરેક માણુસ એક સરખુંજ કા-
કે એક સરખી રીતેજ ઉપયોગી થઇ પડશે એવી આશા રાખવી એ પણ સૃષ્ટિ નિયમ
. છે. હવે ત્યારે ધ્યાનમાં રાખવાનુ એટલુજ છે કે, એ મંડળમાં દાખલ થઇ દરેક માણુસે
તાનાથી બની શકે તે કાર્ય યથાશક્તિ કરી, બીજાને સહાય કરવાની છે.

એમ છતાં પણ એમ સમજવાનુ નથી કે દાખલ થનારને જાતે કંઇજ
ાયદો મળતો નથી. જો દાખલ થનાર ઉપર જણાવ્યું તેમ આ શુભ કાર્યમાં
થાશક્તિ જો કંઇ કરે તો તે જન સેવા બજાવે છે અને તમારે જાણવું જોઇએ કે જનસેવા
ર મ્હોટામા મ્હોટો યોગ છે. એ યોગ સાધવાથી ઉત્તમ પદ સ્હેલથી મળી શકે છે વારૂ, બીજું
કે આગળ ઇસારો કરી ગયા છીએ તે ઉપરથી સમજાશે કે આ મંડળ અમુક મહાપુરૂષો
પ્રેરણાથી સ્થપાયુ છે અને તેઓ એ મંડળની પાછળ સાક્ષી અર્થે તટસ્થ રહ્યા છે એમ અ-
માનવુ છે. એ મહાપુરૂષમાના એકે પત્ર દ્વારાએ જણાવ્યું છે કે તેમને પામવાનો સર-
' ઉપાય આ મંડળમાં રહી જનસેવા બજાવવાનો છે. જો આ પ્રમાણે તેમના ચરણ
' થવાય તો તેથી બીજો કયો વધારે લાભ તને માગો? અમારામાના કેટલાક
આ પ્રમાણે વર્તી એ લાભ મેળવ્યો છે. વળિ વિચાર કરશો તો તમારી માનસીક
ઉન્નતિ કરવામાં પણ આ મંડળમાંથી તમને મદદ મળી શકશે. જુદા જુદા ધર્મ-
ગના આવી સત્સગ કરવો એ લાભ પણ કંઇ જે તે નથી. બીજી એક
કી જાય છે. આ મંડળને લગતું એક ગુપ્ત મંડળ છે. આ મંડળ સાથે એ
.ધ એટલોજ છે કે ગુપ્ત મંડળમાં માત્ર આ મંડળના સભાસદો
આવે છે. જો આચડી સત્ય શોધક પુરૂષ આ ગુપ્ત મંડળ
ધિકારીના લક્ષણ મેળવવા પુરૂપાર્થ કરે તો તેને યોગ્ય સ્થાનથી સહાય મ-
ળદી ઉંચે ચઢી શકે છે.

થવાનો હેતુ તો સમજાય છે. પણ અધ્યાત્મ વિદ્યાના મૂળ સિદ્ધાન્તો શું

છે તથા અધ્યાત્મ વિદ્યા તે શુ છે તે જરા સમજાવશો?

ઉ:—પ્રથમ અધ્યાત્મવિદ્યા તે શું તેનો વિચાર કરીએ. પરમ ધર્મ, પરાવિદ્યા, પરમસત્ય-એકજ હોઇ શકે. છતાં આ વિદ્યા એવી છે કે, સાધારણ મનુષ્યથી સમજાતી નથી. ત્યારે આ પરમ ધર્મના મૂલ સિદ્ધાન્તો જૂદા જૂદા દેશના, જૂદા જૂદા કાળના અને જુદી જુદી પ્રકૃતિના મનુષ્યની બુદ્ધિમાં ઊતરે, એવી રીતે મુકાયલાં છે તેથીજ જૂદા જૂદા માર્ગો અને સંપ્રદાયો ઉત્પન્ન થઇ આવ્યા છે. આ પ્રમાણે પરમધર્મ એક હોવા છતાં ધર્મ અનેક થયા છે. જે પ્રમાણે જૂદા જૂદા રંગના કાચમાંથી સૂર્ય તરફ જોતાં તે જૂદા જૂદા રંગનો દેખાય છે, છતાં વસ્તુત: તો તેનુ શુદ્ધ સ્વરૂપ એકજ છે, તેમ જૂદા જૂદા ધર્મ, અને સપ્રદાયથી સૃષ્ટિના સિદ્ધાન્તો જૂદા જૂદા અને કોઇવાર વિરોધી પણ જણાય છે છતાં સત્ય જોતાં એમ નથી. સત્ય સનાતન ધર્મ જે પરમ ધર્મ છે તે તો એકજ છે. એ એક ધર્મ જે જૂદા જૂદા ધર્મો દ્વારા પ્રતીત થાય છે તેજ અધ્યાત્મવિદ્યા અથવા પરમ ધર્મ છે. જુદા જુદા ધર્મ અને સંપ્રદાયોનો પાયો જે મુળ સિદ્ધાન્તપર રચાયલો છે તે, જો ઊંડા ઉતરી જોશો તો, બધે એકજ જણાશે આ એક મૂળ સિધ્ધાન્ત તેજ અધ્યાત્મવિદ્યા છે.

પ્ર:—પણ કેટલાક ધર્મમાં જીવને પુનર્જન્મ છે એમ કહ્યું છે અને કેટલાકમાં નથી એમ કહ્યું છે. કેટલાક ભક્તિથી મુક્તિ થાય છે એમ કહે છે અને કેટલાક જ્ઞાનથી મુક્તિ છે એ ... છે ત્યારે જો મૂલ એકજ સત્યના આ જુદાં જુદાં સ્વરૂપ હોય તો આવો વિરોધ કેમ ?

ઉ:—આવો વિરોધ દેખીતો છે, એ વાત ખરી છે. પણ સત્ય જોતાં એ વિરોધ ન... રણ કે જુદા જુદા ધર્મો એકીજ વખતે અને એકજ જાતના મનુષ્યને માટે થયા નથી. જે . વખતે, જે ધર્મ જે લોકોને માટે થએલો હોય છે તેમને આ મૂળ સિદ્ધાન્તોમાનાં જે સિદ્ધાન્તની વિશેષ જરૂર હોય છે. તે સિદ્ધાન્ત તે ધર્મ કે સપ્રદાયમાં વધારે પ્રધાન રૂપે રહેલો હોય છે અને બીજા ગૌણપણે રહેલા હોય છે. પણ તે તે સંપ્રદાયના મૂળધર્મગુરૂઓને તો આ બધા સિદ્ધાન્તો માન્ય હોય છે. જુદા જુદા સંપ્રદાયના એવા શિષ્ટ જનો તો એક મતજ હોય છે; તેમનામાં કાંઇ વિરોધ હોતો નથી. આટલાજ માટે ઘણાખરા માર્ગો અને સંપ્રદાયોમાં બાહ્ય અને આંતર એવા બે વર્ગો હોય છે. તેમાં બાહ્ય વર્ગના લોકોમાં બધા સિદ્ધાન્તોનું સ્પષ્ટિકરણ કરેલું હોતું નથી. પણ આંતર્વર્ગમાં તો સર્વત્ર એકજ સિદ્ધાન્ત હોય ... આ પ્રમાણે જે વિરોધ દેખાય છે તે વાસ્તવીક નથી.

પ્ર:— ઠીક. ત્યારે હવે અધ્યાત્મવિદ્યાના મૂળ સિધ્ધાન્તો શુ છે તે કહેશો ?

ઉ:—અધ્યાત્મવિદ્યાના મુળ સિધ્ધાન્તોનુ દિગ્દર્શન માત્ર પણ કરવા માટે એ પણ બસ નથી. કારણ કે સૃષ્ટિની ઉત્પત્તિથી તે તેના નાશ પર્યન્ત જે કાંઇ થાય છે, નિયમો એમાં આવી જાય છે. પણ એમાંના મુખ્ય મુખ્ય વિષયો લઈ, તેનુ પણ જ કરીશું. પ્રથમ તો સૃષ્ટિનું અને મનુષ્યનુ બંધારણ શું છે તે જોઇશું; અને કેવો સંબધ છે તે તપાસીશું.

જે સૃષ્ટિ આપણે જોઈએ છીએ તે થૂલ સૃષ્ટિ કહેવાય છે. કારણ કે એ દેહથી થાય છે. એ સૃષ્ટિમાંજ બધો સમાસ થઇ રહ્યો છે અને આપણી પ ન થઇ શકે એટલીજ વસ્તુઓ છે, તે શિવાય બીજું કાંઇ નથી, એવો દ્ વિદ્યાને માન્ય નથી. એથી ઉલટું, એનો સિધ્ધાન્ત એવો છે કે આપણી સ્થૂલ અને કારણ એવી બે પ્રકારની સૃષ્ટિ છે; અને એ બેઉ સૃષ્ટિ એક એકથી બનેલી છે. એટલુંજ નહિ પણ જે વસ્તુ વધારે સૂક્ષ્મ તે તેના સ્થ

વધારે સત્ય છે. ત્યારે કારણુ સૃષ્ટિ વધારે સત્ય છે. એ સૃષ્ટિઓ ઓતપ્રોત રહેલી છે, અને વિસ્તારનો વિચાર કરીએ તો સૂક્ષ્મ સૃષ્ટિ સ્થૂલમાં વ્યાપી તેની બહાર પણ વિસ્તારેલી છે. આ બધી સૃષ્ટિઓનો નિયામક ઇશ્વર છે. ઇશ્વરથી ઉતરતા કેટલાક દેવતાઓ છે અને તેમનાથી ઊતરતા દેવગણો અને દેવયોનીઓ છે. આ દેવતાઓ સૃષ્ટિની જુદી જુદી ક્રિયાઓનો નિર્વાહ કરે છે; તેમજ તેમનાથી ઊતરતા દેવતાઓ અને દેવગણો દ્વારા સૃષ્ટિના જુદાં જુદાં પ્રકરણોને નિયમમાં રાખી સૃષ્ટિકાર્ય કર્યા જાય છે. હિંદુ ધર્મપુસ્તકમાં આ દેવતાઓ વિષે ઘણે ઠેકાણે વાંચવામાં આવે છે, પણ તેમનુ સવિસ્તર બ્યાન કોઈ એક ઠેકાણે જોવામાં આવતું નથી. આનુ કારણુ એ છે કે, એ જ્ઞાન ગુપ્ત રાખવામાં આવ્યું છે. કારણ કે જો એ જ્ઞાન કોઇને થાય તો તેથી કરી તે દેવતાઓને વશ કરી અનેક ક્રિયાઓ ઇચ્છાનુસાર કરાવી શકે છે. કેવળ સ્વાર્થી મનુષ્યને તો આ ક્રીયાઓ શીખવાય તો તેથી કેટલી હાની અને કેટલો અનર્થ થાય તેનો વિચાર કરી લો. આ દેવતાઓ સૃષ્ટિ નિયમાનુસાર સર્વે ક્રીયા કરે છે તેથીજ સૃષ્ટિનો નિર્વાહ થાયછે. માટેજ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે દેવતાઓને સંતોષો કે તેઓ તમને સંતોષે.

સ્થૂલ સૃષ્ટિ વિના બીજી સૃષ્ટિઓ આપણે સાધારણુ રીતે જણાતી નથી. તેનુ કારણ એ છે કે તેનું જ્ઞાન થવાને જે સાધનોની જરૂર છે તે સાધનો તો આપણામાં બીજ રૂપે ર-[illegible] છે, પણ તેના ઉપયોગ આપણે કરી શકતા નથી. જેવું પિંડે તેવુજ બ્રહ્માંડે [illegible]નુસાર મનુષ્યને પણ સ્થૂલ ઉપરાંત સૂક્ષ્મ અને કારણ એવા બીજા દેહ છે એ દેહોદ્વારા તે [illegible]ને કારણુ સૃષ્ટિ સાથે સંબંધમાં આવી શકે છે. જેમની અમુક દરજ્જા સુધી ઉન્નતિ થએલી [illegible] તેઓજ આ વ્યવહાર બુધ્ધીપુર્વક કરી શકે છે. પણ સાધારણુ મનુષ્યને, એવો જે વ્યવહાર સ્વભાવિક રીતે ચાલ્યો જાય છે તેનું ભાન નથી. આપણા સ્થુલ દેહમાજ એવી કેટલીક ક્રિયાઓ થાય છે કે જેનુ ભાન આપણુને હોતું નથી; જેવુ કે લોહીનુ ફરવું. આ સૂક્ષ્મ અને કારણુ સૃષ્ટિમાં વ્યવહાર કરતાં શીખવા માટે ગુરૂના ઉપદેશની જરૂર છે; માટેજ કહ્યું છે કે ગુરૂ વિના જ્ઞાન નહિ. એવો વ્યવહાર કરતા આવડેથી જ્ઞાનની મર્યાદા વધે છે. અને પછી જેમ જેમ તે નવા જન્મો લે છે, તેમ તેમ તે ઊચ્ચ પદને પ્રાપ્ત થતો જાય છે.

સૃષ્ટિનુ બંધારણુ જો આવુજ હોય તો સત્ય છે કે આ સ્થુલ સૃષ્ટિ સર્વેથી નીચામાં નીચી [illegible] માટેજ એ સ્થુલ સૃષ્ટિના વિષયપર બહુ વાસના રાખવી જોઇએ નહિ. કેમકે એ વાસનાજ મ[illegible] આ ભવાટવીમાં રખડાવે છે; અને પુનઃ પુનઃ જન્મ મરણને આધીન કરે છે.

[illegible]:—શું અધ્યાત્મવિદ્યાને પુનર્જન્મ અને કર્મ એ બેઉ માન્ય છે? અને જો તેમ હોય તો તે વિવેચન કરો તો ઠીક.

[illegible]નર્જન્મ અને કર્મ એ તો સૃષ્ટિના બ મ્હોટામાં મ્હોટા નિયમ છે અને એ નિયમો [illegible]કેટલાક બનાવો જે બીજા કશાથી સમજાતા નથી તે સમજી શકાય છે. સૃષ્ટિમાં [illegible] જણાશે કે જે કાંઇ થાય છે તે, ફરી ફરીને થવાથી દ્રઢ થાય છે; તેમજ જીવ [illegible] લઇ, અનુભવોનો સંગ્રહ કરી અને મુક્ત થાય છે. વળી કાર્ય કારણુનો નિયમ [illegible] સબંધી વિશેષ કહેવાની અગત્ય નથી. કઇપણુ વસ્તુ કારણુ વિના બનતિ [illegible] પણી આસપાસ દરેક સ્થિતિના મનુષ્ય જોઇએ છીએ, એક સુખી તો [illegible]ે ત્યાં દુઃખ અને પાપીને ઘેર પરિવાર વિગેરે જે કાંઇ જોવામાં આવે [illegible] કર્મને અનુસાર ન હોય તો ઇશ્વર અન્યાયી અને સમ વિષમતાવાળો છે [illegible]ર આવો હોઇ શકેજ નહિ. જીવ અનેક જન્મો લે છે. એક જન્મ લઇ તેમાં [illegible] હોય તે મેળવી આ દેહ છોડે છે; અને પાછો પૂર્વકર્માનુસાર

તે ફરીને જન્મ લે છે. મુવા પછી તરત તે પ્રેત ભાવને પામે છે. પ્રેત ભાવમાંથી મુક્ત કરવા માટે શ્રાધ્ધની રૂઢી અને ક્રિયા યોજાયલી છે આ દશામાં કેટલેક કાળ રહ્યા પછી તેના શુભ કર્માનુસાર તેને સ્વર્ગનું સુખ મળે છે. અહિં તે મેળવેલા અનુભવોને પાચન કરે છે; અને જ્યારે તેના ભોગનો અંત આવે છે ત્યારે પુનઃ જન્મ લેવાને તે તત્પર થાય છે. આ વિષે વિશેષ જાણવાની ઇચ્છા હોય તો અધ્યાત્મ મંડળ તરફથી પ્રકટ થએલાં પુસ્તકોમાં જોવું. ત્યાં વિશેષ જોવામાં આવશે.

પ્રઃ—પણ કર્મનો અને જીવનો સંબંધ કેવી રીતે જારી રહે છે તે બરાબર સમજાયું નહિ.

ઉઃ—કર્મ ત્રણ પ્રકારના કહ્યાં છે; કાયિક, વાચિક, અને માનસિક. મનુષ્ય આવાં કર્મો નિત્ય કરે છે. કોઇપણ ક્રિયાનું નામ કર્મ છે. પણ જે કર્મનો અહિં વિચાર કરવાનો છે તે તો મનુષ્ય બુદ્ધિ પૂર્વક જે કાંઇ કરે છે અને જેને માટે તેને જવાબદારી છે તે છે. એક કામ કીધાથી તે ફરીને કરવાની ઇચ્છા થાય છે. ત્યારે કર્મ માત્રની વાંસના સૂક્ષ્મ રૂપે મનુષ્યના સૂક્ષ્મ દેહમાં રહે છે, અને તેની ક્રિયા પાછી તેના કારણ દેહમાં જાય છે. આ વાંસનાઓ સ્થૂલ દેહ છુટ્યા પછી પણ મનુષ્યના સૂક્ષ્મમાં અને કારણમાં રહે છે, અને પુનર્જન્મ થતાં તેઓ કાર્ય ઇચ્છા વિગેરે રૂપે સ્ફુરી આવે છે. એજ કર્મ. એજ વાસનાને અનુસાર જીવનો અમુક દેશ, અમુક જાતિ, અમુક પ્રજામાં જન્મ થાય છે. ત્યાં પાછો તે કર્માનુસાર આચાર કરી નવાં કર્મો કરે છે.

પ્રઃ—જો એમ હોય તો મનુષ્ય કેવળ કર્મને આધીન છે અને તેથી જે નઠારાં કર્મ કરે છે તેમાં તેનો વાંક શું?

ઉઃ—એ સવાલ પણ અગત્યનો છે. અમુક કાળ સુધિ તેને પોતાના કર્મનું બંધન - થી. ક્યાં સૂધી કે જ્યાં સુધી તેમાં સારાસાર વિવેક બુદ્ધિ આવી થતી નથી ત્યાં સુધી. આપણે કોઇ છોકરાનો દાખલો લઇએ. પ્રથમ તો તે પોતાના વડીલના તાબામાં રહી ચાલે છે પણ અમુક સ્થિતિએ પોહોંચ્યા પછી તે પોતાની ઇચ્છાનુસાર ચાલવા માંડે છે ત્યારથી તેને પોતાના કર્મનું બંધન થાય છે. તેવીજ રીતે મનુષ્યને કર્મનું બંધન થાય છે તેવીજ મનુષ્યની સ્થિતિ પણ છે. એક વખત એવો હતો કે મનુષ્યને કર્મ બંધન એટલું થોડું હતું કે તે ન હતુ એમ કહીએ તો ચાલે. પણ હાલ મનુષ્ય જાતિ જે સ્થિતિએ પહોંચી છે તે એવી છે કે તેમાં તે સારાસાર વિવેક કરી શકે છે એટલે તેને કર્મ બંધન થયું છે આપણે જરા શાન્ત થઇ વિચાર કરીશુ તો જાણીશું કે કાંઇપણ કાર્ય કરતાં આમ કરવું કે તેમ તેનો વિચાર આપણને થાય છે અને અમુક માર્ગ પકડીએ છીએ. આ માર્ગ ભલે ખોટો હોય; છતાં આવો વિચાર તો થ
આ માર્ગ બતાવનાર જે અંતર્યામી છે તે આપણા પૂર્વના જન્મોના અનુભવોનો .
ટલે જીવ તે અનુભવોની મર્યાદામાં રહી અંતર્યામિ રૂપે સ્ફુરે છે. જેમ આપણી
જાય છે, જેમ જેમ આ અનુભવોનો સંગ્રહ શુધ્ધ થતો જાય છે, તેમ તેમ એ
થઇ પરમાત્મ સ્વરૂપ થતો જાય છે એટલે આપણે ભૂલ કરતા નથી. આ પ્ર
તંત્ર ઇચ્છા શક્તિ તો છે પણ તે કેટલી ખીલી છે અને તે જેટલી હોય ,
ણે લાભ લઇએ છીએ કે નહિ તેનો બધો આધાર આપણા પોતાપર છે
રથી આપણે દુઃખ ભોગવીએ છીએ તે આપણીજ છે. વળી યાદ રાખ
જેવો મિત્ર અને ગુરૂ બીજો કોઇ નથી, એટલે મનુષ્યની ઉન્નતિ થવા
ણ જરૂર છે.

પ્રઃ—આ તમે બધું કહ્યું તે એક ચિત્તે સાંભળ્યું. પણ આ
એમ લાગતુ નથી.

ઉ:—અમે નવું કહીએ છીએ એમ અમારૂં કહેવુંજ નથી. અમે તો માત્ર જે મનુષ્યની કલ્યાણકારી જુની વાત ભુસાઇ ગઇ છે તેજ પાછી આગળ લાવીએ છીએ. માત્ર તફાવત એટલોજ કે તે વાત હાલના સમયને અનુસરી હાલની વિદ્યાને માન્ય રહે એવી રીતે આગળ મુકવામાં આવે છે.

પ્ર:—એકાદ દાખલો તો આપો.

ઉ:—ખુશીથી. જુઓ, દરેક ધર્મમાં કહ્યું છે કે અધર્મ યાને પાપ ત્રણ પ્રકારે થઇ શકે; કાયાથી, વાણીથી અને મનથી. સાધારણ રીતે જોશો તો લોકો બોલવાથી અથવા કંઇ કરવાથી જે કંઇ પાપ થાય તે પાપ છે એમ સમજે છે. પણ મન વડે પણ અધર્મ–પાપ–થઇ શકે છે, આપણી કલ્પનાઓ વડે આપણે બીજાઓને સારી યા માઠી અસર કરીએ છીએ, એ વાત સત્ય છે એવું ભાન ક્વચીત કોઇનેજ હોય છે. મનુષ્ય પ્રાણીની દરેક કલ્પના ઉઠી કે તે અંતર સૂક્ષ્મ સૃષ્ટિમાં જાય છે અને ત્યાંના અમુક પ્રકારના સત્વ (Elemental-essence) સાથે તે ભળી જાય છે અને તેથી તે કલ્પનાનું રૂપ બંધાઇ તે ચંચળ, જીવતું, પ્રાણી બની ત્યાં નિવાસ કરે છે. આ પ્રમાણે શુભ કલ્પનાથી, શુભ વિચારથી લાભકારક દેવગણ ઉત્પન્ન થાય છે. નઠારી કલ્પનાથી ભુતગણ ઉત્પન્ન થાય છે અને એ ઉત્પન્ન થયલાં પ્રાણી પોતા
...વ પ્રમાણે બીજાને સારી કે માઠી અસર કરે છે. આવી રીતે બીજા ઉપર આપણા વિચારથી
...ાય છે તેથી એવા માનસીક કર્મને માટે આપણે જવાબદાર છીએ. આ વાત હાલ એટલે
...બીત થઇ છે કે પારીસ શહેરના એક વિદ્વાન ડાકટર બારાડુકે શોધ કરી કેટલીક કલ્પનાના
...ાફ લગી લીધા છે અને એ વિષયપર ગ્રંથ લખ્યો છે।

પ્ર:—વારૂ, મનુષ્યની ઉન્નતિ થતાં થતાં ક્યાં સુધી તે પહોંચી શકે છે?

ઉ:—અંતે તેની મુક્તિ થાય છે. એટલે જન્મ મરણના ફેરામાંથી છુટે છે. પણ અહિં પણ તે અટકે છે એમ નથી. મુક્તિ પછી તેને માટે બે માર્ગ ખુલ્લા છે.

પ્ર:—પણ મુક્તિ થઇ એટલે જીવ પરમાત્મામાં લીન થાય છે માટે તેનું પછી રહ્યું શું?

ઉ:—અહિં પાછા તમે ભૂલ કરો છો. મુક્તિ પામવી અથવા નિર્વાણ પ્રાપ્ત કરવું એટલે જી-
નો વ્યક્ત ભાવ મટી જવો અને શૂન્ય થઇ જવું એમ હોય તો તેમાં અને તેનો નાશ થવો
ફેર શું? અને તેમ થતું હોય તો તેને માટે આ બધો શ્રમ શા માટે જોઇએ? જેઓ
ન થયા છે તેઓનો અહંભાવ–હું–જે સોપાધિક છે તે નિરૂપાધિક થાય છે. તેમના જ્ઞા-
...વધે છે. તેઓનું 'હું' પણ (મદ નહિં) ભૂસાઇ જવાને બદલે ઘણું મ્હોટું અને
થાય છે એટલે જેને હિંદુઓ બ્રહ્મમય થવું કહે છે તે. અર્થત્ બ્રહ્મના જ્ઞાનની સ્થિતિ
થાય છે. તેનાજ જેવા સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન થાય છે. જીવનમુક્તતા આ
એક છે.

...પ્ત થયા પછીના જે બે માર્ગ કહ્યા તે કયા કયા છે?

મુક્તિ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયા છતાં, તે દશાનો લાભ ન લેવો,
...તિ તે દશાને પ્રાપ્ત થાય ત્યાં સુધી, આ પૃથ્વીના સબંધમાં રહી, તેમને
પ્રયત્ન કરવો તે; આવા પુરૂષો મહાત્માઓ એ નામે ઓળખાય છે.
...ષ્ય જાતિનો ક્રમ પુરો થાય છે અને બીજી મનુષ્ય જાતિ ઉત્પન્ન થા-
...ર, રાજ્યનીતિ વિગેરેમાં દોરવનાર ઋષિ મુનિઓ રૂપે આ પૃથ્વી

બીજુ જેઓને એ માગ દીઠ નથી પડતો તેઓ મનુષ્યથી નીચા વગ કે દેવતાઓ મ
તેમા જાય છે અથવા મોક્ષ સુખ ભોગવે છે

પ્ર —શુ ત્યારે મનુષ્યની પણ જુદી જુદી જાતિઓ જુદે જુદે કાળે થાય છે ?

ઉ —હા મનુષ્યનો એક સમૂહ ઉન્નતિ ક્રમની અમુક ભૂમિકાએ પહોચ્યા પછી નાશ
છે. ત્યાર પછી બીજો સમૂહ ઉત્પન્ન થાય છે આ પ્રમાણે મનુષ્યના સમૂહોનો પણ પુનર્જન
મ છે. તેમજ જન સમૂહના સમષ્ટ રૂપે પણ કેટલાક ક્રમો હોય છે એ મનુષ્ય જાતિના
ઓને માટે પણ તેમજ છે. પૃથ્વીના જૂદા જુદા દેશોનો ઇતિહાસ તપાસતા જણાશે
૧૫૦૦ વર્ષને અંતરે જે મનુષ્યો જોવામા આવે છે તેમનો સ્વભાવ ઘણે અંશે મળતે
જેમ કે હાલના ઇંગ્રેજોમા જે ગુણો જોવામાં આવે છે તે પૂર્વના રોમન લોકોના
આવે છે એ પ્રમાણે મુખ્ય અને ઉપ એવા અનેક કાલ ચક્રો થયા કરે છે

પ્ર —વિષય ઘણો ગહન છે પણ એક પ્રશ્ન પૂછી લઉં. [illegible]
એવા બીજાં પણ છે ?

ઉ —આપણાં સૂર્ય મંડલ જેવા અનેક સૂર્ય મંડળ મળી એક સૃષ્ટિ થાય છે અને
નેક સૃષ્ટિ મળી એક વિશ્વ થાય છે. આ વિષય વિષે એટલુજ યાદ રાખવુ કે
ત મનુષ્યની કલ્પનાની બહાર જાય એવી છે એટલે હાલ એનો વિચાર કરવાથી કાંઇ લાભ
થી. પણ જે સૃષ્ટિ ક્રમ અહિં ચાલે છે તેવોજ પછી જરા થોડા કે વધારે આગળ વધેલો
ક્રમ આપણ સૂર્ય મંડલના બીજા ગ્રહોમાં પણ છે.

પ્ર —અધ્યાત્મ મંડલ વિષે જે જે વાત આપણે થઇ તે ઘણીજ ઉપયોગી છે એમા કાંઇ
સંદેહ નથી. જો તમે કહેતા હો તો હું પણ એ મંડલમા દાખલ થાઉ અને મારાથી જે યથા
ચિત બને તે કરી કૃતાર્થ થાઉં.

ઉ —ભલે, જો તમારી ઇચ્છા હોય, તમારૂ મન સાક્ષી પુરતું હોય કે દાખલ થવુ એ ત
મારો ધર્મ છે તો ભલે થાઓ એ બાબત બીજાનો અભિપ્રાય કાંઇજ કામનો નથી તમારે ત-
મારા અંતરને પુછવુ જોઇએ પણ જો મારો અભીપ્રાય પુછતાજ હો તો તેતો એવો છે કે, દરે
ક દેશ હિતેચ્છુએ, એ મંડળમા દાખલ થઇ જે કાર્ય કરવાનો પ્રસંગ મળે તે લેવા ચુકવુ ન જોઇએ
નહિ. કારણ કે એવા અમુલ્ય પ્રસંગ વારંવાર આવતા નથી એમા દાખલ થઇ સર્વે પોતપોત
ધર્મનો અભ્યાસ કરી કરાવી બીજાને ઉત્તેજન આપી ધર્મની વૃદ્ધિ કરવા જેવુ પુણ્યનુ [illegible]
આર્યને નડારૂ લાગે ? તમે દાખલ થાઓ વા ન થાઓ; પણ જે સનાતન સત્ય ધર્મ છે
હવે પછી પણ રહેશે. પણ તે દ્વારા તેના જુદા જુદા સ્વરૂપોને તેજસ્વી કરવાનો હક
આર્ય ઋષિ મુનિઓના વંશજોનો નથી તો બીજા કોનો છે ? મ્હારી સહૃદય ઈશ્વર [illegible]
એવી છે કે, સર્વ આર્ય બધુઓ આ સત્ કાર્યમા ભાગ લઇ, ભારતવર્ષનુ
આર્યમાતા જે હાલ હતવીર્ય દેખાય છે તેને, પુનઃ સજીવ કરી, પૂર્વે જેમ ત
ગણાતી હતી તેવી કરવા તન મન અને ધનનો જે વ્યય થાય તે કરવામા

अस्तु अस्तु ।

ॐ शान्ति शान्ति शान्ति ॥

સૂચના—આ મંડળ વિષે વધુ ખુલાસા મા સુરત, ગોપીપુરામાં થીઓસોફીકલ સોસાઇટી (ધર્મ સભા)ના પોલીસ ગેટની પાસેના મકાનમાં દરરોજ સાંજે મેળાપ થઇ શકશે. અથવા પત્રદ્વારા નીચલે સરનામે લખવુ —

(૧) રા. રા. ગૌતમરામ ઉત્તમરામ ત્રીવેદી, આમલીરાન, સુરત.

(૨) રા. રા. ઇંદ્રવદનરામ મંજુવચરામ, સવાડ આવાદ, સુરત.